# 69

## પોરબંદર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં કૂપોષિત બાળકો

*15/4/522 **શ્રી અર્જુનભાઇ દેવાભાઇ મોઢવાડીયા**(પોરબંદર): **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | | જવાબ |
|---|---|---|

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ પોરબંદર અને દેવભુમિ દ્વારકા જિલ્લામાં જિલ્લાવાર કુપોષણથી પીડાતા બાળકોની સંખ્યા કેટલી છે,

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ પોરબંદર અને દેવભુમિ દ્વારકા જિલ્લામાં જિલ્લાવાર કુપોષિત બાળકોની સંખ્યા આ મુજબ છે.

| જિલ્લો | બાળકોની સંખ્યા |
|---|---|
| **પોરબંદર** | ૧૭૩૪ |
| દેવભૂમિ દ્વારકા | ૫૦૦૫ |

(૨) તે પૈકી ઉક્ત જિલ્લાવાર ઓછા વજનવાળા અને અતિઓછા વજનવાળા બાળકો કેટલા છે,

(૨) તે પૈકી જિલ્લાવાર ઓછા અને અતિઓછા વજનવાળા બાળકોની સંખ્યા આ મુજબ છે.

| જિલ્લો | ઓછાવજન વાળા બાળકોની સંખ્યા | અતિ ઓછા વજન વાળા બાળકો | કુલ |
|---|---|---|---|
| **પોરબંદર** | ૧૩૯૩ | ૩૪૧ | ૧૭૩૪ |
| **દેવભૂમિ દ્વારકા** | ૩૮૮૬ | ૧૧૧૯ | ૫૦૦૫ |

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લાવાર છેલ્લા એક વર્ષમાં કેટલા બાળકોનો વધારો કે ઘટાડો થયો, અને

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં આ મુજબ બાળકોનો વધારો કે ઘટાડો થયો છે.

| **જિલ્લો** | **છેલ્લા એક વર્ષમાં થયેલ વધારો/ઘટાડો** | |
|---|---|---|
| | **વધારો** | **ઘટાડો** |
| **પોરબંદર** | ---- | ૫૧૮ |

| | | |
|---|---|---|
| **દેવભૂમિ દ્વારકા** | ---- | ૧૫૮ |

(૪) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આવા બાળકોમાંથી કુપોષણ દુર કરવા સરકારે શાં પગલાં લીધાં?

(૪) ઉક્ત સ્થિતિએ પોષણ સ્તરમાં સુધારો કરવા માટે આ મુજબની કાર્યવાહી કરવામાં આવેલ છે.

- આંગણવાડી કેન્દ્રો ખાતે ૩ થી ૬ વર્ષના બાળકોને સવારનો ગરમ નાસ્તો અને બપોરનું ભોજન આપવામાં આવે છે. અઠવાડિયામાં બે દિવસ ફળ આપવામાં આવે છે
- સમગ્ર રાજ્યના તમામ ઘટકમાં ૬ માસથી ૩ વર્ષના બાળકોને બાલશક્તિના ૫૦૦ ગ્રામનું એક એવા ૭ પેકેટસ, અતિ ઓછા વજનવાળા બાળકોને બાલશક્તિના ૫૦૦ ગ્રામનું એક એવા ૧૦ પેકેટસ અને ૩ થી ૬ વર્ષના અતિ ઓછા વજનવાળા બાળકોને બાલશક્તિના ૫૦૦ ગ્રામનું એક એવા ૪ પેકેટસ આપવામાં આવે છે.
- રાજયના તમામ આંગણવાડી કેન્દ્રોમાં લાભાર્થીઓના પોષણ સ્તરમાં સુધારો લાવવા સત્વ ફોર્ટિફાઈડ આટો, ફોર્ટિફાઇડ ચોખા તેમજ ફોર્ટિફાઈડ તેલ પુરું પાડવામાં આવે છે.
- દૂધ સંજીવની યોજના અંતર્ગત દેવભૂમિ દ્વારકા જિલ્લાના કલ્યાણપુર તાલુકાના આંગણવાડી કેન્દ્રોમાં આવતા ૬ માસથી ૬ વર્ષના બાળકોને અઠવાડીયામાં ૫ દિવસ ૧૦૦ મિલી. પેશ્ચુરાઇઝડ ફોર્ટીફાઇડ ફલેવર્ડ દૂધ આપવામાં આવે છે.